# દક્ષિણ ગુજરાતમાં મેઘતાંડવ : ૮ ઈંચ વરસાદ

## મોટાભાગના વિસ્તારોમાં છથી આઠ ઇંચ વરસાદ નોંધાતા જળબંબાકારની સ્થિતિ : બારડોલીમાં તણાઈ જવાથી એકનું મોત : જનજીવન સંપૂર્ણ ખોરવાયું

દક્ષિણ ગુજરાતમાં મેઘતાંડવની સ્થિતિ સર્જાઈ ગઈ છે. અવિરત વરસાદ જારી રહ્યો છે. દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદના કારણે જળબંબાકારની સ્થિતિ સર્જાઈ ગઈ છે. સુરત જિલ્લામાં સૌથી વધુ હાલત કફોડી થઈ છે. મહુવામાં આઠ કલાકની અંદર જ આઠ ઈંચથી વધુ વરસાદ ખાબકી ગયો છે જ્યારે બારડોલીમાં ૧૪ કલાકના ગાળામાં નવ ઈંચથી વધુ વરસાદ ખાબકી ગયો છે. ચોર્યાસીમાં ચાર ઈંચથી વધુ વરસાદ પડ્યો છે. પલસાણામાં ત્રણ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. આવી જ રીતે ધરમપુરમાં છ ઈંચથી વધુ વરસાદ થયો છે. કપરાડામાં ચાર ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. નવસારીમાં ૧૪ કલાકમાં આઠ ઈંચથી વધુ વરસાદ થયો છે. જલાલપુરમાં સાત ઈંચથી વધુ વરસાદ થયો છે. ગણદેવીમાં ચાર, ચિખલીમાં છ ઈંચથી વધુ વરસાદ પડી ગયો છે. તમામ જગ્યાઓએ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ ગઈ છે. નવસારી અને જલાલપોરમાં ભારે વરસાદના કારણે સ્કુલ કોલેજોમાં રજા જાહેર કરાઈ છે. બારડોલીમાં બે યુવક તણાઈ ગયા બાદ એકનું મોત થયું છે. નવસારી જિલ્લામાં હાલત કફોડી બનેલી છે. દક્ષિણ ગુજરાતમાં સુરત, વલસાડ સહિતના પંથકોમાં મેઘરાજાએ આજે પણ સતત ૪થા દિવસે ભારે જોર બતાવ્યું હતું. આજે સુરત જિલ્લાના મહુવા, નવસારી અને જલાલપોર પર જાણે અવકાશી આફત વરસી હોય તેમ ગણતરીના કલાકોમાં દસ ઈંચ વરસાદ ખાબકતાં આ પંથકોમાં સર્વત્ર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. નવસારી-જલાલપોર તો જાણે આજે બેટમાં ફેરવાયા હતા. લોકોના ઘરો-દુકાનો અને બજારોમાં વરસાદી પાણી ફરી વળ્યા હતા. કયાંક ઘૂંટણસમા તો, કયાંક કેડસમા પાણી ભરાતાં સ્થાનિક



પ્રજાજનો ભારે હાલાકીનો ભોગ બન્યા હતા. વરસાદી કહેરના કારણે નવસારી-જલાલપોરમાંથી ૬૦૦થી વધુ લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરાયુ હતું. અહીં જનજીવન ઠપ્પ થઈ ગયુ હતું. ગઈકાલે મેઘરાજાએ સૌરાષ્ટ્રનાં ગીર સોમનાથ જિલ્લાને ધમરોળ્યો હતો અને રાત્રે ૧૨ વાગ્યાથી સવારના ૬ વાગ્યા સુધીમાં કોડીનાર-સુત્રાપાડામાં મેઘ તાંડવ સર્જાયું હતું. મેઘરાજા સાંબેલાધારે વરસતા સુત્રાપાડામાં માત્ર ૬ કલાકમાં ૯ ઈંચ વરસાદ અને કોડીનારમાં ૮ ઈંચ વરસાદ નોંધાયો હતો. જેને પગલે સૂત્રાપાડા-કોડીનાર પંથકો જાણે બેટમાં ફેરવાયા હતા. સોમાત નદીમાં ઘોડાપૂર આવવાની સાથે સર્વત્ર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. બીજીબાજુ, દક્ષિણ ગુજરાતના વલસાડ-ઉમરગામ સહિતના પંથકો અને અમેરલીના રાજુલા, ખાંભા, જાફરાબાદ સહિતના પંથકોમાં સતત ત્રીજા દિવસે મેઘ મહેર જારી રહી હતી. અમરેલીના આ પંથકોમાં ગણતરીના કલાકોમાં પાંચ ઈંચથી વધુ વરસાદ નોંધાતા સ્થાનિક દલી, ધાતર, કાસરિયા, માલણ સહિતની નદીઓમાં ઘોડાપૂર આવ્યા હતા. તો, સાથે સાથે પંથકોના મોટાભાગના વિસ્તારોમાં ઠેર-ઠેર પાણી ભરાઈ ગયા હતા. સૂત્રાપાડામાં ભારે વરસાદના કારણે સરસ્વતી નદીમાં પૂર આવતાં પ્રાચી તીર્થ એવું માધવરાયજી મંદિર પાણીમાં ગરકાવ બન્યું હતું. દરમ્યાન આજે મેઘરાજાએ દક્ષિણ ગુજરાતમાં મહુવા, નવસારી અને જલાલપોર પર જાણે અવકાશી આફત વરસાવી હતી. નવસારી-જલાલપોરમાં દસ-દસ ઈંચ વરસાદ ખાબકતાં સર્વત્ર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. પંથકોના તમામ નદી-નાળાઓ છલકાયા હતા. તો, ઠેર-ઠેર ઘૂંટણસમા અને કેડસમા પાણી ભરાઈ ગયા હતા. લોકોના ઘરોમાં, દુકાનોમાં અને બજારોમાં-કોમ્પલેક્ષમાં વરસાદી પાણી ફરી વળ્યા હતા, જેને લઈ લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો. નવસારી-જલાલપોરના કેટલાય રસ્તાઓ બંધ થતાં અનેક વિસ્તારો સંપર્કવિહોણાં બન્યા હતા. તો ચીખલી તાલુકાના ૧૦ ગામોને જોડતાં રસ્તાઓ વરસાદી પાણી ફરી વળવાના કારણે ઠપ્પ થયા હતા. નવસારીમાં વિજલપોર, ધરમપુર, કાલિયાવાડી સહિતના પંથકોમાં સૌથી વધુ અસર જોવા મળી હતી. ૮૦થી વધુ સોસાયટીઓ પાણીમાં ગરકાવ બની હતી. પૂર્ણા નદીમાં ઘોડાપૂર આવતાં તંત્રને એલર્ટ કરી દેવાયું અને નદીકાંઠાના વિસ્તારના લોકોને સલામત સ્થળે ખસેડાયા હતા. દરમ્યાન હાલોલ, વાલોડ અને વલસાડ પંથકમાં પણ પાંચ ઈંચથી વધુ વરસાદ નોંધાતા મોટાભાગના વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા.

## પ્રાઈડ ઓફ વિશ્વકર્મા એવોર્ડ-૨૦૧૮ ભવ્યાતિભવ્ય રંગારંગ કાર્યક્રમ યોજાયો

અમદાવાદ, તા. ૧૧

શ્રી વિશ્વકર્મા દાદાની અસીમ કૃપાથી ગતરોજ તા. ૮ જુલાઈ ૨૦૧૮ના રોજ રવિવારે અમદાવાદના આંગણે કુશાભાઈ



ઠાકરે ઓડીટોરીયમ હોલ, સી.ટી.એમ. ચાર રસ્તા અમદાવાદ ખાતે પ્રાંતીજ પંચાલ સમાજ, અમદાવાદ દ્વારા આયોજીત પ્રાઈડ ઓફ વિશ્વકર્મા એવોર્ડ્સ-૨૦૧૮નો ભવ્યાતિભવ્ય રંગારંગ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિશ્વકર્મા વંશજ પંચાલ સમદાયને એક ચોક્કસ દિશામાં આગળ લઈ જવાના ભાગરૂપે પ્રાઈઝ ઓફ વિશ્વકર્મા એવોર્ડ્સ-૨૦૧૮નું આયોજન કરવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં પંચાલ સમુદાયના ઈન્કમટેક્ષ વિભાગના અધિકારીઓ, પોલીસ વિભાગના અધિકારીઓ, નાયબ કલેક્ટર, નાયબ મામલતદાર, તમામ વિભાગના એન્જિનિયર, આરટીઓ ઈન્સ્પેક્ટર, પોસ્ટ વિભાગના અધિકારીઓ, મેડીકલ કાર્યસેત્રમાં ઉચ્ચ કારકિર્દી ધરાવતા ડૉક્ટર-તબીબીઓ, પ્રિન્ટ મિડિયા તથા ઈલેક્ટ્રોનિક મિડિયાના પત્રકારો, ક્લાસીક સીંગર, સંગીત વિશારદ, ઈન્ટરનેશલ લોક ગાયકો, સાહિત્ય અને હાસ્ય કલાકાર, વિશ્વકર્મા ધર્મ પ્રચારક, જ્યોતિષ શાસ્ત્રીઓ તથા મા ભોમની રક્ષા કાજે શહિદી વોહરનાર શહિદવીર તથા સરકારી અર્ધ સરકારી કાર્યક્ષેત્રમાં ફરજ બજાવતા વિશ્વકર્મા વંશજોને સમાજના આદરણીય વડીલો, અગ્રણીઓના વરદ હસ્તે ટ્રોફી પ્રમાણપત્ર એવોર્ડ્સ આપી ઉત્સાહભેર સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે દાતાઓ દ્વારા દાન આપવામાં આવતા સારા પ્રમાણમાં ભંડોળ ભેગુ થયુ હતુ. પંચાલ સમાજ અમદાવાદના પ્રમુખ ધનજીભાઈ પંચાલના નેતૃત્વ હેઠળ પંચાલ રોહિતભાઈ પરસોત્તમદાસ, રાજેશભાઈ પંચાલ, મનજીભાઈ સુથાર, મયંકભાઈ, સુનિલભાઈ, નયનભાઈ, મહેન્દ્રભાઈ, યશ, શંશાકભાઈ, પ્રકાશભાઈ, વિષ્ણુભાઈ, હસમુખભાઈ, જીગ્નાશાબેન, પારૂલબેન, ટીનાબેન, પલ્લવીબેન, મનીષાબેન, તેજલબેન, ગુણવંતભાઈ વગેરે સ્વયંસેવકોએ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

## ઊંઝા પાસે જીપ અને મોટર સાયકલ ટકરાતાં એકનું મોત

ઊંઝા, તા. ૧૧

ઊંઝા તાલુકાના ઉપેરા-મહેરવાડા ગ્રામ્ય માર્ગ પર મોડી સાંજે જીપકાર અને મોટરસાયકલ અથડાતાં મોટર સાયકલ ચાલકનું કરૂણ મોત નિપજ્યુ હતુ.

વિગત એવી છે કે ઉપેરા ગામે ઈન્દિરાનગરમાં રહેતા ઠાકોર શિવાજી વિરમજી મોટરસાયકલ પર ઉપેરાથી મહેરવાડા તરફ જવાના રસ્તેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે સામેથી પુરઝડપે આવેલ મહેન્દ્રા શોર્ટ ડી.આઈ. જીપકાર નં. જીજે.૦૨.કે.૯૦૭૨ના ચાલકે મોટરસાયકલને ટક્કર મારી ઠાકોરને શરીરે ગંભીર ઈજાઓ થતાં તેમનું કરૂણ મોત નિપજ્યુ હતુ. અકસ્માત બાદ અકસ્માત સર્જનાર વાહનચાલક ક્યાંક નાસી છૂટ્યો હતો.

આ બનાવ અંગે મૃતકના કુટુંબી ભાઈ અમરતજી ઠાકોરની ફરિયાદના આધારે ઊંઝા પોલીસે મહેન્દ્રા શોર્ટ ડી.આઈ. ગાડીના ચાલક વિરૂદ્ધ અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ આરંભી છે.

## અરવલ્લી જિલ્લા પ્રભારીમંત્રી ૧૫મીએ મુલાકાતે

મોડાસા, તા. ૧૧

અરવલ્લી જિલ્લાના પ્રભારીમંત્રી રમણલાલ પાટકર ૧૫મીએ ત્રણ તાલુકાની મુલાકાત લેનાર છે. આ મુલાકાત દરમ્યાન અરવલ્લી જિલ્લાના લોકોના પડતર પ્રશ્નો તેમજ ફરિયાદોની સમીક્ષા બેઠકમાં ત્રણ તાલુકાના અધિકારીઓ સાથે પ્રજાના પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવશે. અરજદારોએ પોતાના પ્રશ્નો વિભાગના અધિકારીઓને તાલુકાવાર મોકલી આપવા જેથી કરીને પ્રશ્નોનું નિરાકરણ પ્રભારીમંત્રીની રૂબરૂમાં હલ કરી શકાય.

## પૂર્વ ધારાસભ્ય કનુભાઈ કલસરિયા કોંગ્રેસમાં જોડાયા

વર્ષ ૨૦૧૯ની લોકસભા ચૂંટણી પહેલા કોંગ્રેસ પાર્ટીને આજે મોટી સફળતા મળી ગઈ હતી. કારણ કે, ભાવનગરના શક્તિશાળી નેતા ડોક્ટર કનુભાઈ કલસરિયાને પોતાની તરફ ખેંચવામાં આખરે કોંગ્રેસ પાર્ટીને સફળતા હાથ લાગી ગઈ છે. આજે કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી સાથે દિલ્હીમાં બેઠક યોજ્યા બાદ કલસરિયાએ આ અંગેની વિધિવત જાહેરાત કરી હતી. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો હતો. ૨૦૧૯ લોકસભા ચૂંટણી પહેલા કનુભાઈ કલસરિયાને પોતાની તરફેણમાં કરવા માટે કોંગ્રેસ પાર્ટી તરફથી તમામ પ્રયાસ કરવામાં આવી રહ્યા હતા. કોઈપણ કિંમતે પાર્ટીમાં લેવાના પ્રયાસ ચાલી રહ્યા હતા. ખેડૂતોના નેતા ગણાતા કનુભાઈને મનાવવા માટે છેલ્લા ઘણા દિવસથી પ્રયાસ હાથ ધર્યા હતા. ભાજપના પૂર્વ ધારાસભ્ય અને ૨૦૧૪માં આમ આદમી પાર્ટીમાં સામેલ થઈને રાજકીય ચર્ચા જગાવનાર કનુભાઈ દ્વારા આમ આદમી પાર્ટી સાથે હાલમાં જ છેડો ફાડી લેવામાં



આવ્યો હતો. કનુભાઈ પહેલાથી જ કોંગ્રેસમાં સામેલ થવા ઈચ્છુક છે. જો કે, છેલ્લી ઘડીએ આમ આદમી પાર્ટીમાં સામેલ થઈ ગયા હતા. ત્યારબાદથી કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ કનુભાઈનો સંપર્ક કરી રહ્યા હતા. આજે રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં રાહુલ ગાંધી સાથે વાતચીત કર્યા બાદ કનુભાઈએ કોંગ્રેસમાં સામેલ થવાની જાહેરાત કરી દીધી હતી. ભાવનગરના શક્તિશાળી નેતા તરીકે તેમની ઓળખ છે. ખેડૂતોમાં તેમની ખાસ ઓળખ બનેલી છે. આવી સ્થિતિમાં ૨૦૧૯ની ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટીને કોઈ મોટી સફળતા અપાવી શકશે કે કેમ તેને લઈને ચર્ચા શરૂ થઈ ગઈ છે. કનુભાઈના સંદર્ભમાં ભાજપ વતી હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી.

## વિઝિલિન દ્વારા સેપ્ટમાં ૧૪મીએ ઈન્ડસ્ટ્રી' વિષય પર વર્કશોપનું આયોજન

અમદાવાદમાં ઓફીસ ધરાવતી ફિનલેન્ડ સ્થિત વિઝિલિન દ્વારા તા. ૧૪ જુલાઈ, ૨૦૧૮નાં રોજ સેપ્ટ યુનિવર્સિટીમાં 'ડિજીટાઈઝીંગ ધ કન્સ્ટ્રક્શન ઈન્ડસ્ટ્રી વીથ લિન એન્ડ બિમ' વિષય પર એક દિવસનાં વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. વિઝિલિન તે વિશ્વની એકમાત્ર કલાઉડ આધારિત કન્સ્ટ્રક્શન મેનેજમેન્ટ સોલ્યુશન પુરું પાડે છે, કે જે 'લીન' ને 'બિમ' સાથે સંકલિત કરી બાંધકામ ઉદ્યોગનું ઝીણવટપૂર્વકની ચોકસાઈ સાથેનું આયોજન કરવામાં મદદ કરીને સરળ કાર્ય બનાવે છે. સેપ્ટ યુનિવર્સિટીમાં યોજાનારા વર્કશોપ અંગેની માહિતી આપતા વિઝિલિનનાં સીઈઓ ડો. ભાર્ગવ દવેએ જણાવ્યું હતું કે, 'ભારતમાં બાંધકામ ઉદ્યોગ ઝડપથી વૃધ્ધિ પામી રહ્યો છે અને તેમાં સુધારણાનો ઘણો મોટો અવકાશ છે. ભારતમાં મોટી બાંધકામ ઉદ્યોગની કંપનીઓ ગ્રાહકો અને સત્તાવાળાઓની માંગ પ્રમાણે લિન પ્રેક્ટીસીસ દ્વારા બિમનું અમલીકરણ કરતી થઈ છે. વિશ્વનાં ત્રણ જાણીતા સ્પીકર્સને સાંભળવાની તક મળશે. જેમાં યુએસએ-યુરોપનાં કેસ સ્ટડીઝ સાથે મુખ્ય કન્સેપ્ટસથી ટોચના રીસર્ચ આઈડીયાઝ અને સફળતાપૂર્વકની અમલીકરણ પધ્ધતિઓને આવરી લેવામાં આવી હશે.' સેપ્ટ યુનિવર્સિટીનાં જીઆઈડીસી ભવનમાં સવારે ૧૦.૩૦ કલાકે વર્કશોપનો આરંભ થશે. મુખ્ય વકતાઓમાં વિઝિલિનનાં સીઈઓ ડો. ભાર્ગવ દવે, યુનિવર્સિટી ઓફ હડર્સફિલ્ડનાં પ્રો. લોરી કોલકેલા, ઈઝરાયલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજીની ટેકનીયોનનાં પ્રો. રાફેલ સાકસ અને રોયલ હાસ્કોનિંગ ડીએચવીનાં ડાયરેક્ટર જુગલ મકવાણાનો સમાવેશ થાય છે. માહિતી માટે સંપર્ક :ડો. ભાર્ગવ દવે-૭૫૭૪૮ ૫૫૬૦૭

### ખાસ બેઠક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અર્થાત સમગ્ર જિલ્લામાં અત્યાર સુધીમાં માત્ર ૧૯૨ મિ.મિ. વરસાદ થયો છે. આમ જિલ્લામાં સરેરાશ ૪૮ મિ.મિ. વરસાદ નોંધાયો છે.

જેની સામે ગત વર્ષે આજ દિન સુધી અર્થાત ૧૧/૭ સુધીમાં દહેગામમાં ૨૩૨ મિ.મિ., ગાંધીનગરમાં ૧૭૭ મિ.મિ., કલોલમાં ૨૭૮ મિ.મિ. અને માણસામાં ૨૩૯ મિ.મિ. વરસાદ નોંધાયો હતો. આમ જિલ્લામાં વરસાદની ઘટ ૬૦ ટકાથી પણ વધી રહી છે. જિલ્લામાં વાવણીનું કાર્ય પણ લગભગ ઠપ્પ થઈ જવા પામ્યુ છે. ગત વર્ષની તુલનામાં ૯ હજાર જેટલો વાવેતર વિસ્તાર પણ ઘટવા પામ્યો છે. તંત્ર દ્વારા જો હવે વરસાદ વધુ ખેંચાશે તો આકસ્મિક પાક. આયોજન મુજબ ખેડૂતોને વાવણી માટે જણાવશે.


જિલ્લામાં જે રીતે વરસાદ ખેંચાયો છે તેનો પરિણામે આગામી દિવસોમાં ખાનગી સ્ત્રોતોથી પણ પીવાના પાણી મેળવાનારાઓની સંખ્યા વધી શકે તેવી શક્યતાઓ છે.

## ધનસુરાના ખેડૂતોએ પ્રધાનમંત્રી ફસલ વીમા યોજનાના વિરોધમાં આવેદનપત્ર આપ્યું

### પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના ફરજીયાત નહી મરજીયાત કરવાની માંગ

ધનસુરા, તા. ૧૧

ભાજપની કેન્દ્ર સરકાર અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચૂંટણી સમયે ખેડૂતોના પાકના નાણા ડબલ કરી આપવાની સાથે ખેડૂતોનો ખેતરમાં પાક નિષ્ફળ જાય તો ખેડૂતોને વળતર મળી રહે



તે માટે પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના જાહેર કરવામાં આવી હતી. જેમાં ખેડૂતોને ફાયદો ઓછો અને નુકસાન જતુ હોવાની અને ખાનગી વીમા કંપનીઓ માટે ફાયદારૂપ હોવાથી અને વીમાની રકમ ચૂકવવાના સમયે વાંધા વચકા કાઢી રકમ ચૂકવતી ન હોવાથી ખેડૂતોમાં રોષ જોવા મળી રહ્યો છે. અરવલ્લી જીલ્લાના ધનસુરા તાલુકાના અને ગામના ભૂમિ પુત્રોએ પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના ૨૦૧૮-૨૦૧૯નો વિરોધ નોંધાવી ફરજિયાતના બદલે મરજિયાત બનાવવાની માંગ સાથે જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપી ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો.

જીલ્લાના ખેડૂતોમાં કેન્દ્રની ભાજપ સરકારે ચૂંટણી સમયે કરેલ વાયદાઓમાં નિષ્ફળ રહેતા ઉગ્ર રોષ પ્રવર્તી રહ્યો છે. ખેડૂતોના કહેવાતા હીત માટે કેન્દ્ર સરકારે ધિરાણ મેળવનાર ખેડૂતો માટે ફરજીયાત અમલમાં મુકેલી પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના નુકશાનકારક બની રહેતા અને પાકનો વીમો લેનાર કંપનીઓ દ્વારા સેટેલાઈટથી ખેતરોના સર્વે કરી સીધો પાક વીમો ઉતારતી હોવાથી ધનસુરાના ભૂમિપુત્રોએ ધી ધનસુરા ગ્રુપ વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી લી.ના નેજા હેઠળ મોટી સંખ્યામાં ખેડૂતો અરવલ્લી જીલ્લા કલેક્ટર કચેરીએ પહોંચી ઉપરોક્ત મંડળીમાંથી ધિરાણ મેળવતા ખેડૂતો પ્રધાનમંત્રી ફસલ વીમા યોજનામાં અનેક વિસંગત હોવાથી ફરજિયાતના બદલે મરજિયાત બનાવવા માટે અને વીમા યોજનામાં જોડાવવું નથીની માંગણી સાથે ન્યાય મેળવવા જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું. આ અંગે ધી સાબરકાંઠા મધ્યસ્થ બેન્ક લી. હિંમતનગરને પણ આવેદનપત્ર દ્વારા જાણ કરી પ્રધાનમંત્રી ફસલ વીમા યોજનામાં જોડાવવાનો નનૈયો ભણ્યો હતો. અરવલ્લી જીલ્લાના અન્ય ખેડૂતો પણ પ્રધાનમંત્રી ફસલ વીમા યોજનામાં જોડાવવાનો ઈન્કાર કરે તો નવાઈ નહિ.

### અન્નભંડાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉત્પાદન કરીને અન્ન ભંડારોને ભર્યા છે તેના માટે હું દેશના ખેડૂતોને નમન કરું છું. છેલ્લાં ૭૦ વર્ષોમાં જે પાર્ટી પર ખેડૂતોએ ભરોસો કર્યો હતો, તે પાર્ટીએ ખેડૂતોને સન્માન ન આપ્યું. આ દરમિયાન ફક્ત એક પરિવારની ચિંતા કરવામાં આવી. તમામ પ્રકારની સુવિધાઓ ફક્ત એક પરિવારને આપવામાં આવી અને તેમના માટે જ કામ કરવામાં આવ્યું. ખેડૂતોની મહેનતને અવગણી નાખવામાં આવી હતી. કોંગ્રસે ખેડૂતોને ફક્ત દગો આપવાનું કામ કર્યું છે, પરંતુ જ્યારથી અમારી સરકાર આવી છે ત્યારથી અમે ખેડૂતો અને યુવાનોનું ધ્યાન રાખ્યું છે અને તેમને કરેલા વચનો પૂરાં કર્યા છે. ૪૦ વર્ષ સુધી કોંગ્રેસની વન રેંક વન પેન્શન લાગુ કરવાની હિંમત ન હતી, પરંતુ અમે કર્યું. અમારી સરકારે પાકના ખર્ચ કરતા દોઢગણી એમએસપી કરવાનો ઐતિહાસિક નિર્ણય કર્યો છે.

### તાજમહેલ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કે, TTZ (તાજ ટ્રેપેજિયમ ઝોન) એરિયામાં ઉદ્યોગ લગાવવા માટે લોકો અરજી કરી રહ્યાં છે અને તેમની અરજીઓ પર વિચાર થઈ રહ્યાં છે. આ આદેશોનું ઉલ્લંઘન છે. સુપ્રીમે પોતાના આદેશમાં કહ્યું કે ઢએ કેટલાક નવી ફેક્ટરીઓની અરજી પર વિચાર કરી રહી છે. સુપ્રીમ કોર્ટે ઢના ચેરમેનને નોટીસ મોકલી છે. TTZના પ્રમુખને સુપ્રીમ કોર્ટમાં હાજર કર્યા. જ્યારે કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં કહ્યું કે, MOEFએ એક કમિટિનું ગઠન કર્યું છે, જે તે બાબત જોશે કે તાજ મહેલ કેટલો અને ક્યા કારણોથી પ્રદુષિત થયો છે.

### અર્થવ્યવસ્થા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારત ૨૦૩૨ સુધીમાં દુનિયાનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બની શકે છે. ૨૦૧૮માં ભારતનું અર્થતંત્ર ૭.૩ ટકા અને ૨૦૧૯માં ૭.૫ ટકાના વૃદ્ધિદરથી વધી શકે છે. રિપોર્ટ તૈયાર કરનાર વર્લ્ડ બેંકના ડાયરેક્ટર અહયાન કોસે કહે છે કે ભારતનું અર્થતંત્ર મજબૂત છે અને તેમાં સ્ટેડી વિકાસ આપવાની ક્ષમતા છે. અર્થતંત્રમાં ખાનગી ક્ષેત્રની હિસ્સેદારી અને રોકાણ વધવાથી ભારતની જીડીપી મજબૂત થઈ છે. વર્લ્ડ પોવર્ટી ક્લોક અને બ્રૂકિંગ્સના એક રિપોર્ટ પ્રમાણે, હવે ભારત દુનિયામાં સૌથી વધુ ગરીબ જનસંખ્યા વાળો દેશ નથી. ભારતમાં જ્યાં ૭ કરોડ વસ્તી અતિશય ગરીબીમાં જીવી રહી છે, ત્યાં નાઈજીરિયામાં ૮.૭ કરોડ લોકો અતિશય ગરીબ છે.

### માતૃભાષા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

યોગ્ય પગલાં ઉઠાવવાનો નિર્દેશ આપ્યો હતો જેથી રાજ્યસભાના સાંસદો પોતાની માતૃભાષામાં પોતાનો મુદ્દો જોરશોરથી ઉઠાવી શકે. રાજ્યસભા સચિવાલયે પાંચ ભાષાઓના ટ્રાન્સલેટરોની પસંદગી કરી તેને તાલીમ આપવાનું કામ પૂર્ણ કરી લીધું છે. તાલીમ બાદ આયોજિત એક સંક્ષિપ્ત સમારોહમાં ચેરમેન નાયડુએ તમામ ટ્રાન્સલેટરોને પ્રમાણપત્ર સોંપતાં સભ્યોની ભાવનાઓ અનુપ ભાષાંતર કરવાની વાત કહી હતી. નાયડુએ કહ્યું કે સંસદમાં સમગ્ર દેશના ચૂંટાયેલા પ્રતિનિધિઓ આવે છે. સભ્યોને પોતાની વાત રાખવામાં કોઈ પ્રકારની મુશ્કેલી પડવી જોઈએ નહીં.

### મહત્વની ભૂમિકા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બેંકોકમાં કિર્લોસ્કર કંપનીની એક બ્રાંચ છે, જ્યાંથી ગુફામાંથી પાણી કાઢવા માટેના પંપ આપવામાં આવ્યા હતા. આ પંપને વ્યવસ્થિત રીતે શરૂ કરવા માટે સાંગલી જિલ્લાના પ્રસાદ કુલકર્ણી પોતાની ટીમની સાથે થાઈલેન્ડ ગયા હતા. જ્યાં જંગલની વચ્ચે જનરેટરની મદદથી તેઓએ પંપ શરૂ કરાવ્યાં હતા. ગુફામાંથી બાળકો અને કોચને બચાવવાના કાર્યમાં ભારતીય કંપનીના લોકો ૫ જુલાઈથી જ ત્યાં હાજર હતા. નિવેદનમાં કહ્યું કે, કેબીએલે ઉચ્ચ ક્ષમતાના ૪ ડિવોટરિંગ પંપને ઉપલબ્ધ કરાવવાની પણ ભલામણ કરી હતી.

### બંધક બનાવી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

માતા-પિતા આવીને તેમને લઈ જાય. જ્યારે માતા-પિતા તેમને લેવા પહોંચ્યા ત્યારે છોકરીઓ રડી પડી હતી. બાળકીના પરિવારજનોએ આરોપ લગાવ્યો છે કે, બેઝમેન્ટ રૂમને બહારથી બંધ કરી દેવામાં આવ્યો હતો. જ્યારે વાલીઓએ સમગ્ર મામલે હોબાળો કર્યો ત્યારે સ્કૂલના સ્ટાફ પાસે પણ સંતોષકારક જવાબ નહતો. વાલીઓએ ભેગા સમગ્ર ઘટનાની પોલીસ સ્ટેશનમમાં ફરિયાદ કરી હતી.

### મનના ઉમંગો ● ચોથા પાનાનું ચાલું

સૂના સરોદ કેરા સંસારી સૂરમાં,
એ બજવે ન્યોછાર કેરો પાવો.
હે જી રે મારે ભીતર બોલે કોઈ બાવો.

આડીતેડી વાતો કરવાની મને બહુ બૂરી આદત છે તેમાં મૂળ વાત કવિ સરોદના ભજનની ના રહી જાય એટલે જલદીથી મને બીજું ભજન રજૂ કરી દેવા દો.વરસાદની મોસમ છે લોકો ઠેર ઠેર પોતાની પસંદગીના વૃક્ષોનાં રોપા રોપી રહ્યા છે. મનુભાઈ શેના રોપા રોપવાનું કહે છે તે સાંભળો.

રોપો રે રોપા રામના
રોપો રે રોપો રે રોપા રામના હો જી,
એમાં ભગતિનાં આવે ફૂલ;
મબલખ સુગંધી આવે મ્હેંકતી હો જી,
એમાં ત્રણ રે ભુવન તારાં ડૂલ:
રોપો રે રોપો રે રોપા રામના હો જી,
મન રે બગિયાં ને જીવન વાવડી હો જી,
માળી મનમોહન ઘેલો પ્રાણ;
ખાતરમાં સમરણ શરવણ નામનાં હો જી,
આવી સુરભિ કે ફોરે તતખેવ ત્રાણ:
રોપો રે રોપો રે રોપા રામના હો જી.
તડકે તપવા એ રોપા ખીલતા હો જી,
ઝીલી ટાઢના ટપારા પાવે રૂપ;
વર્ષાના ધમકારે ઊંડા ઊતરે હો જી,
ફૂલડાં ત્યાં ઉતરે ત્યાં રંગીન અનૂપ :
રોપો રે રોપો રે રોપા રામના હો જી,
ફળ રે કેવાં ને કેવાં સ્વાદવાં હો જી ,
આ તો , ભાઈ ફૂલડાંની સુગંધ;
નહીં રે ભક્તિ મુક્તિની ઝંખના હો જી,
ફોરમું એ તોડે સઘળા બંધ :
રોપો રે રોપો રે રોપા રામના હો જી...

### પેમેન્ટ સિસ્ટમ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પગલે હાલાકી વેઠવાનો વારો આવે છે. આર ટી ઓ કચેરીમાં પાર્કીંગ માટે પર્યાપ્ત જગ્યા ન હોવાથી પણ અરજદારોએ મુશ્કેલી વેઠવાનો વારો આવે છે. જયારે આસપાસ રહેતા રહીશો પણ આ મામલે પારાવાર હાલાકી વેઠી રહયા છે. આર ટી ઓ કચેરીનુ સર્વર પણ વારંવાર ડાઉન થવાની સાથે ટેકનિકલ ક્ષતિઓ પણ અરજદારો માટે મુંઝવણનુ કારણ બની છે. હેલ્પડેસ્ક પર અરજદારોના પ્રશ્નો સંદર્ભે જવાબ આપવા માટે પણ કોઈ હાજર હોતુ નથી. આવા સંજોગોમાં આર ટી ઓ કચેરીનો વહીવટ દિનપ્રતિદિન ખાડે જઈ રહયો હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. જયારે આર ટી ઓ કચેરી દ્વારા હવે વાહન ડીલરો માટે નોંધણી તેમજ ટેક્સ સહીતની રકમ ઓનલાઈન ચુકવવા માટે પણ સુચના આપી દેવામાં આવી છે. આર ટી ઓ દ્વારા વાહન ડીલરોને ઓનલાઈન પેમેન્ટ કરવા માટે જણાંવી દેવાયુ છે. આ ઉપરાંત આગામી દિવસોમાં ડિમાન્ડ ડ્રાફટથી નાંણા સ્વીકારવાની વિધી પણ બંધ કરી દેવામાં આવશે. જયારે હવે લાઈસન્સ ફી પણ ઓનલાઈન જ લેવાય તેવો આગ્રહ પણ રાખવામાં આવી રહયો છે. ટુંકમાં આ મામલે હવે આર ટી ઓ કચેરીમાં ઓનલાઈન આર્થિક વ્યવહારને વેગ આપવા માટે પ્રયાસો કરવામાં આવી રહયા છે.

### કેસ મળ્યા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રતિબંધ લાદી અને ટેન્કરથી જ શુદ્ધ પેયજળ આપવાના આદેશો જારી કર્યા છે. ગામમાં ટાંકીની સફાઈ માટે પણ સૂચનાઓ આપવામાં આવી છે. ધારીસણામાં આજે આખો દિવસ જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી અને તેમની ટીમે ધામા નાખ્યા હતા એટલુ જ નહિ તેમણે સતત સુપરવિઝન આખો દિવસ કરી અને દર્દીઓને ઝડપથી રાહત મળે તે દિશામાં તંત્રને કામે લગાડ્યુ હતુ.

આજે પણ ૧૧ જેટલા નવા કેસ નોંધાયા હોવાનું જાણવા મળેલ છે. જો કે તંત્રએ ૨૪૮૭ ઓ.પી.ડી. ચાલુ કરી છે અને છેલ્લા ત્રણ દિવસના દર્દીઓની સંખ્યા ૮૦ના આંકને પાર કરી ગઈ છે. જિલ્લાતંત્રને વિશ્વાસ છે કે પરિસ્થિતિ ઝડપથી નિયંત્રણમાં આવી જશે. દૂષિત પાણીનું વિતરણ સ્થગિત કરાયુ છે તેમજ ક્લોરીનેશન કરેલુ પાણી ટેન્કરથી જ વિતરણ થશે તેમ પણ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

દહેગામ તાલુકામાં ઉભી થયેલી રોગચાળાની સ્થિતિ આજે સમગ્ર જિલ્લામાં લોકચર્ચાનો મુદ્દો બની હતી. તંત્ર હાલ રેપીડ રિસ્પોન્સ ટીમ બોલાવવાની ઉતાવળમાં નથી એકાદ દિવસમાં પરિસ્થિતિ નિયંત્રણમાં આવી જશે તેવો વિશ્વાસ વ્યક્ત થઈ રહ્યો છે. જેમને સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા તેમની તબિયતમાં સુધારો જણાતાં રજા આપવામાં આવી છે.

આજે રખિયાલ સહિતના તબીબો સહિત સ્થાનિક તબીબોને સારવાર માટે બોલાવવામાં આવ્યા હતા. ત્રણથી પણ વધુ તબીબો ત્યાં આખો દિવસ હાજર રહ્યા હતા. બીજી તરફ પાણીના નમૂના મેળવી અને તેની ગુણવત્તાની ચકાસણી માટે મોકલી આપવાનો નિર્ણય પણ તંત્ર દ્વારા કરવામાં આવ્યો છે. જેનો વિગતવાર અહેવાલ બે-ત્રણ દિવસમાં આવી જશે તેમ જાણવા મળેલ છે.

### દર્દી મળ્યા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાં અગાઉના ત્રણ રાઉન્ડ દરમ્યાન પણ મચ્છરોના બ્રિડીંગ મોટી સંખ્યામાં મળ્યા હતા અને હાલ જે મળી રહ્યા છે તે સાનુકૂળ વાતાવરણને કારણે મળી રહ્યા હોવાનું મનાઈ રહ્યું છે. તંત્રની ટીમો દ્વારા આજે સર્વેલન્સ ૧,૭૯,૫૨૨ લોકોને આવરી લેવામાં આવ્યા છે. જ્યારે ૪૩,૯૯૧ ઘરોની મુલાકાત લઈ અને વિવિધ જળસંગ્રહના પાત્રોની ચકાસણી કરવામાં આવી હતી. જિલ્લામાં અત્યાર સુધીમાં ૫૦ ટકાથી પણ વધુ વિસ્તારમાં સર્વેલન્સની કામગીરી સંપન્ન થઈ જવા પામી છે.